## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*મદની ભરતીમાં મધદરિયે ડૂબશે !*
*બહુમતિની પાંચશેરી બાંધીને ડૂબશે !*
*ડૂબશે ખૂદ ખોટા નિર્ણયોના તોફાનમાં -*
*કોમી સંકુચિતતાની સુનામીમાં ડૂબશે !*

**હાઈકુ**

*જક્કી સ્વભાવે,*
*ગુજરાત - ગૌરવ -,*
*નામ - ડૂબશે...*

*સંકોચ વિના -*
*હજીયે વળો પાછા -*
*જીએસટી જેમ...*

### ચિંતન

*અનહતઃ પ્રબિશતિ અપૃષ્ઠા બહુભાષતે ।*
*અવિશ્વસ્તે વિશ્વસિતિ મૂઢચેતા નરાધમઃ ॥*

ઉપરોક્ત શ્લોક 'મનુસ્મૃતિ'માંથી લેવામાં આવેલ છે.

વગર બોલાવ્યે જે ઘૂસી આવે, ન પૂછવાથી પણ જે વધુ બોલે, વિશ્વાસ ન કરનારા પર જે વિશ્વાસ કરે, તે મૂઢ બુદ્ધિવાળો અત્યંત નીચ મનુષ્ય હોય છે.

બોલાવ્યા વિના બધા પ્રસંગમાં ઘૂસ મારે ને પૂછ્યા વિના બધાને સલાહ-સૂચન આપ્યા કરે, મનુષ્ય-મિત્ર કે દુશ્મનને પણ જે ઓળખી ન શકે એવો મૂઢ ભલે પોતાને બુદ્ધિશાળી માનતા હોય પણ તે મૂર્ખના માર્જીનમાં જ અંતે મૂકાય છે.

### સુવિચાર

- શીલવાન વગર વચનબળ ઉત્પન્ન ના થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- આરોપીત ભાવ એ કર્મ અને ભોગવટો તે કર્મફળ - આરોપિત ભાવને અહંકાર કહે છે - **આપ્તસૂત્ર**
- નાનો માણસ ઉપકાર કરવા જેટલો સમર્થ હોય છે, એટલો ઘણું કરી મોટો સમર્થ નથી હોતો, જેમ કૂવો હંમેશા તરસ છિપાવે છે, પણ સમુદ્ર નહીં, કોઈ તરબૂચ સંપૂર્ણ ગોળ હોતુ નથી - **સંસ્કૃત સુભાષિત**
- કોઈ માણસ સંપૂર્ણ હોતો નથી - **ચીની કહેવત**
- માણસને પોતાની સાચી શક્તિની સભાવના નમ્રતા આપે છે - **બોધિવૃક્ષ**
- કોઈને પણ હાનિ પહોંચાડવી તે ન્યાય નથી,
  કારણ કે ન્યાયનું પરિણામ અન્યાય હોઈ શકે નહીં - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : ધોળા મરીનો પાઉડર મોળા દહીંમાં મિક્સ કરી બે-બે ચમચી સવાર-સાંજ ખાવાથી રંતાધણાપણું મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શ્રીકૃષ્ણ અને ભીષ્મ પિતામહે દુર્યોધન અને યુધિષ્ઠિરની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે દુર્યોધનને બોલાવીને કહ્યું કે એક આખો દિવસ રાજયભરમાં પરિભ્રમણ કરે અને સૂર્યાસ્ત પહેલા એક ભલા માણસને શોધી લાવે એ જ રીતે યુધિષ્ઠિરને બોલાવીને કહ્યું કે એક દુષ્ટ આદમી શોધી લાવો. સાંજ પડી, દુર્યોધન પાછો ફર્યો પણ ખાલી હાથ. એણે કહ્યું કે બધા જ પ્રયાસ કરવા છતાં આખા રાજયમાંથી એને એક પણ ભલો માણસ મળ્યો નથી. એ જ રીતે સાંજે યુધિષ્ઠિર પણ પાછા ફર્યા. એમને પણ રાજયભરમાં ફરવા છતાં એક પણ દુષ્ટ માણસ જોવા મળ્યો નહીં. સાર એ છે કે આપમે જેવા અંદરથી છીએ એવું જ આપણને બહાર આપણી આસપાસ દેખાય છે. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. કમળો હોય એને પીળું દેખાય. હકીકતમાં બહારની દુનિયા એ આપણી જાતની અંદર ચાલી રહેલા સ્વસ્થતા - નિશ્ચલતા કે કોલાહલ - કલહનું જ આબેહુબ પ્રતિબિંબ હોય છે. એક વ્યક્તિ માટે જેટલું આ સાચું છે એટલું જ સાચું સમાજ કે દેશ માટે પણ છે.

# ઈસુના માનવતાના સંદેશને અનુસરીએ

**તંત્રીસ્થાનેથી...**

ક્રિસમસ. શાંતિના દૂતનો તહેવાર. પણ ચોતરફથી સમાચાર તો અશાંતિના મળે છે.

સત્તાધારી પક્ષે કોઈ નિર્ણય લીધો ને એ નિર્ણય વિરોધ પક્ષને કે થોડા નાગરિકોને માન્ય નહોતો એટલે એમણે મોરચો ઉપાડ્યો. દેશના કોઈ એક જૂથને જુની કે નવી સરકારે આપેલા લાભો હવે અસ્થાને છે કે એવા જ લાભો અમને પણ મળવા જોઈએ એવી માગ સાથે કોઈ અન્ય જૂથે વિરોધ પ્રદર્શન કર્યા. ક્યાંક વ્યક્તિગત કિન્નાખોરી, ક્યાંક રાજકીય દાવપેચ તો ક્યાંક સામાજિક ઘમંડ... સરવાળે તો અશાંતિ જ. અને આ બધી માયાજાળથી પર ગુનાખોરીની ટ્રેન તો સડસડાટ ચાલે. તો ક્યાંથી મળે શાંતિ ? કેવી રીતે મળે શાંતિ ? અને આખરે શાંતિ એટલે શું ? એ વિચારવાનો સમય ખરેખર આવી પહોંચ્યો છે. ક્રિસમસ જેવા પવિત્ર દિવસે આ વિચાર કરીશું તો એ યોગ્ય પણ ગણાશે.

પ્રભુ ઈસુનો જે સંદેશ દુનિયાને આપે છે એ પવિત્ર પુસ્તક બાઈબલનો મૂળ સાર શું છે ? 'માનવમાત્રમાં સારપ રહેલી છે, એવો ભરોસો રાખીએ ને માણસની આ સારપમાં વિશ્વાસ મુકીએ.' સરળ શબ્દોમાં કહીએ તો દરેક માણસમાં કંઈક ને કંઈક સારું હોય છે. એ સારાપણાનો બહાર આવવા માટે તક આપવી જોઈએ, બહાર લાવવું જોઈએ.

સત્તામાં રહેલા એક પક્ષકારે કોઈ નિર્ણય લીધો જે બીજા પક્ષકારને કે દેશના કોઈ જૂથને, કોમને માન્ય નથી તો એ માટે પથ્થર ઉઠાવવાથી તો સમસ્યા વધુ વકરશે ને એકવાર આગ સળગી તો એનાથી હાથ શેકનારાઓનો તો આપણે ત્યાં તોટો જ નથી. પછી થશે એવું કે મૂળ સમસ્યા ક્યાંય ધકેલાઈ જશે ને આપણા ઘરની આગથી હાથ શેકનારાઓ પોતાના રોટલાય શેકવા લાગશે. આપણી આગ સામે, આપણી તકલીફ સામે જોનારા માત્ર આપણે જ હોઈશું એ ખ્યાલ આવશે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હશે. અને ત્યારે માત્ર ને માત્ર પસ્તાવા સિવાય કોઈ વિકલ્પ નહીં રહે આપણી પાસે.

અને આમ પણ 'એક આંખની સામે એક આંખ'ની નીતિ એક દિવસ આખી દુનિયાને અંધ કરી નાખશે.

એના કરતાં ક્ષમાનો રસ્તો, સહનશીલતાનો રસ્તો શું ખોટો છે ? ચાલો માની પણ લઈએ કે એક પક્ષકારના વર્તનથી કે નિર્ણયથી આપણને નુકસાન થયું, દુખ થયું... તો શું ? આપણે એ દુખને ગળી જઈને કે સહન કરી લઈને એક મોટી મિસાલ પૂરી ના પાડી શકીએ ? આપણે ભરોસો મૂકીને જેમને સત્તાનાં સૂત્રો સોંપ્યાં છે એમની હાલત અનેક સંતાનો ધરાવતી માતા જેવી હોય છે. એના માટે સૌ સંતાન એકસમાન હોય છે. કોઈને ઓછું કે કોઈને વધારે ભાગમાં આવે એવું એ ક્યારેય ઈચ્છતી નથી. પરંતુ તોય ક્યારેક એવું બને છે કે એકાદ બળૂકું સંતાન વધારે ભાગ મેળવી જાય છે. તો આવા સંજોગોમાં માના પ્રેમ પર કે તેની નિષ્ઠા પર શંકા ન કરવી જોઈએ. વધારે ભાગ લઈ ગયો તે પણ આપણો ભાંડુ જ હતો અને ભાંડુને વધારે મળ્યું એમાં આપણને શું વાંધો છે ? આપણને ભાંડુ કરતાં ઓછું મળ્યું એમાં આપણું શું નુકસાન છે ?

ભારત મારો દેશ છે ને બધાં ભારતીયો મારાં ભાઈ-બહેનો છે.... ઘણી વખત બોલ્યાં આપણે, હવે એનો અમલ કરીએ ?

# સાહેબ નાના છોકરાની મોટી સમજદારી પર આફરીન થઈ ગયા



નવાં કલેવર
નટવર હેડાઉ

ડીસેમ્બર એન્ડમાં ઓફીસના બધા પટાવાળા પોતાની બચેલી સી.એ.ની મજા લેવા જતા રહ્યા હતા. વાતાવરણમાં ઠંડક હતી. કચેરીના કામકાજનો સમય હોવા છતાં કોઈ અરજદાર દેખાતા ન હતા.

સી.એમ. પુરી કરી ચૂકેલા બે ત્રણ કારકુનો હાજર હતા. જે મૂડ વગર ફાઈલોના કાગળો આમતેમ ફેરવતા હતા. બાકી કચેરીનું વાતાવરણ એકદમ શાંત જણાતું હતું.

બહાર કોકરવર્ણો તડકો ચાંદીની જેમ ચમકતો હતો. હુંફાળા એ તડકાની મજા લેવા સાહેબ પણ બગીચામાં આવી બેઠા હતા. ઘાસ ઉપરથી ઝાકળ ઉડી ગઈ હતી. સામેનાં મોટાં વૃક્ષ પર થોડી થોડી વારે એક પંખી ટહુકા કરી રહ્યું હતું. તે દરમિયાન એક ચળકતી કાર દૂરથી આવતી દેખાઈ. પાર્કીટમાં કાર પાર્ક કરી શૂટબુટમાં સજ્જ મિ. શુક્લા સાહેબની તરફ આવી રહ્યા હતા. તે સાહેબના ખાસ મિત્ર હતા.

'અરે ! જોસેફ તું અહીંયા શું વાત છે?'

'કેમ ?'

'ક્રિસમસની રજામાં ગયો નથી ?'

'કાલથી જવાનો છું. પણ તારે શું ચાલે છે તે કહે.'

'હું તો નવરો પડેલો એટલે થયું કે ચાલો તને મળું અને જરા ગપસપ કરીએ.'

'કેમ ઘેર કોઈ નથી'

'ના, યાર તારી ભાભી ડીલેવરી પર ગઈ છે. બંદા બિન્દાસ છે'

'તો સાંજે પાર્ટીમાં આવ, ક્રિસમસની પાર્ટી રાખી જ છે.'

'યે હુઈ ન બાત. મજા આવશે. પણ અત્યારે તલપ લાગી છે, ચ્હા મંગાવ.'

'ઓકે, તું બેસતો ખરો.' જોસેફ કહ્યું. પણ ચ્હાં કયાંથી મંગાવવી અને કોને કહેવું તેની ગડમથલમાં સાહેબ પડી ગયા. મિ. શુકલા તો સામેની ખુરશીમાં બેસી ગયેલ.

સાહેબ આમતેમ નજર કરી. સામે બે નાના નાના છોકરાઓ રમતા હતા. બાજુની ઝૂંપડપટ્ટીના હશે. તેનું સાહેબે અનુમાન કર્યું અને ઈશારાથી એક છોકરાને બોલાવ્યો. તેમણે છોકરાને કહ્યું, 'સામે રઘુને કહી દે બે ચ્હા મોકલાવ.'

છોકરી દોડીને જતો રહ્યો. થોડીવાર પછી તે પોતે જ પોતાના હાથમાં બે કપ ચ્હા લઈને આવ્યો. સાહેબે પૂછ્યું તો તેણે કહ્યું કે રઘુની હોટલ બંધ છે. તેથી બીજી થોડે દૂર હોટલ ખુલ્લી હતી ત્યાંથી લઈ આવ્યો.

સાહેબે શંકા જાહેર કરી. 'રઘુને તો ખબર છે કે અમે મોળી ચ્હા પીએ છીએ. બીજાને શું ખબર?'

છોકરાએ માસુમિયતથી જવાબ આપ્યો,'હું મોળી ચ્હા જ બનાવડાવીને લાવ્યો છું. મને ખબર છે કે મોટા માણસો મોળી ચ્હા જ પીએ.'

સાહેબ નાના છોકરાની મોટી સમજદારી પર આફરીન થઈ ગયા.

બંને મિત્રો ચ્હાની ચૂસકી લેવા લાગ્યા. પેલા છોકરાઓ ફરી સામેના બગીચામાં રમવા લાગ્યા. સૂરજ ધીમે ધીમે ઉપર ચડતો હતો. ટહુકતું પંખી હવે દૂર ચણની શોધમાં ઉડી ગયું હતું. ઓફીસના કારકુનો પણ પોતપોતાના કામમાં વ્યસ્ત બની ગયા હોય એમ લાગતું હતું.

# કેટલાક સંબંધોની અનુભૂતિ આપણને વારંવાર નથી થતી



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

સીમી ગરેવાલ એટલે ભારતીય સિનેમા ઉદ્યોગની એક હોનહાર અભિનેત્રી. ભારતમાં જન્મ થયો પણ બચપણ લંડનમાં વિત્યું. બચપણથી જ ફિલ્મ ઉદ્યોગમાં કંઈક કરી બતાવવાની લગનને કારણે ભારતમાં આવ્યા, પિતા સાથે જિદ્દ કરીને ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો અને એક સફળ અભિનેત્રી તરિકે નામ અને શાન મેળવ્યા.

સીમી ગરેલાલ પોતાની સભ્યતા, શિસ્ત અને પોતાની આધુનિક જીવન શૈલી માટે જાણીતા હતા. તેને કારણે તેઓ ફિલ્મ ઉદ્યોગમાં અને પ્રેક્ષકોમાં સૌનું આકર્ષણ બન્યા હતા. સુંદરતા, શરીર સૌષ્ઠવ અને અભિનય ક્ષમતાના ત્રિવેણી સંગમને કારણે તેમને લબ્ધ પ્રતિષ્ઠ દિગ્દર્શકો, અભિનેતાઓ અને બેનરો સાથે કામ કરવાની તકો પ્રાપ્ત થઈ. તેમણે લગભગ પચાસેક ફિલ્મોમાં અભિનય કર્યો, એક સોથી વધારે ખિતાબો મેળવ્યા. સીમીએ પોતાનું એક પ્રોડકશન હાઉસ શરૂ કર્યું અને તેના નેજા હેઠળ ઘણી ડોક્યુમેન્ટરીઝ બનાવી અને અનેક ફિલ્મી હસ્તીઓનાં ઈન્ટરવ્યુ લઈને તેઓનાં જીવનનાં અંતરંગ પ્રસંગો અને લાગણીઓને અભિવ્યક્ત કરાવીને પોતે એક અસરકારક ઈન્ટરવ્યુઅર તરિકે પ્રસ્થાપિત થયા.

સીમી ગરેવાલને ફિલ્મ જગતે બધુ જ આપ્યું. કદાચ કલ્પના બહારનું પણ ક્ષમતા પ્રમાણે આવ્યું પણ તેમનાં અંગત જીવનમાં એક હંમેશાની ખોટ રહી ગઈ જે આજે પણ તેમને કોરી રહી છે.

સીમીએ જૂની દિલ્હીનાં ચુન્નાલાલ ઘરાનાનાં રવિ મોહન સાથે લગ્ન કર્યા હતા. કોઈ કારણસર તેમનું લગ્ન જીવન લાંબુ ચાલ્યું નહિ અને લગભગ અઢાર મહિનાના ટૂંકા લગ્ન જીવન પછી બંનેએ છૂટાછેડા લઈ લીધા. સીમીને એક બાળકની મા બનવાની ઝંખના હતી પણ ભગવાને એ ઝંખના પણ પૂરી ન કરી. તેથી એ ડંખ, એ વેદના તેને સતત ચૂભતી રહેતી હતી.

પોતાની બાળકની ઝંખનાને પૂરી કરવા એક દિવસ સીમીએ કોઈ અનાથાશ્રમમાંથી એક બાળકને દત્તક લેવાનો નિર્ણય લીધો. ઘણી શોધખોળ પછી એક અનાથાઆશ્રમની બાળા ઉપર તેમની નજર ઠરીઠામ થઈ. અનાથાશ્રમને એ બાળા એક રેલ્વે સ્ટેશન ઉપરથી મળી હતી અને તેનું નામ રાખ્યું હતું વિજયા. સીમીને એક જ નજરમાં એ બાળા પ્રત્યે હેત ઉભરાઈ ગયું અને એવી લાગણી થઈ કે એ બાળાની- વિજયાની સાચી મા પોતે જ છે અને બંને એકબીજા માટે જ સર્જાયા છે. પરંતુ સીમીની એ ઝંખના સંપૂર્ણ પૂરી થાય તેના માટે તેને થોડી રાહ જોવાની હતી.

અનાથાશ્રમનાં બાળકને કોઈને દત્તક આપવાની વિવિધ કાર્યવાહીનાં ભાગરૂપે એક અગત્યની કાર્યવાહી એ કરવાની હતી કે અનાથાશ્રમે વર્તમાનપત્રોમાં એક જાહેરાત આપવી પડે. બાળકના ફોટા સાથે ત્રણ મહિનાની મુદત સાથે એવી જાહેરાત આપવાની હતી કે એ બાળકનાં કોઈ સાચા મા-બાપ હોય તો તેઓ ત્રણ મહિનાનાં સમય દરમ્યાન પોતાનો દાવો રજૂ કરે. આમ સીમીએ ત્રણ મહિનાની રાહ જોવાની હતી. જે સીમી માટે ખૂબ જ કષ્ટદાયક હતું પણ રાહ જોયા વિના છૂટકો પણ ન હતો.

અનાથાશ્રમે જાહેરાત આપી. એક મહિનો વિતી ગયો. કોઈ જ પ્રકારનો દાવો રજૂ ન થયો. દીકરી વિજયાને પોતાને ઘેર લાવવાની સીમીની તાલાવેલી વધી ગઈ. બે મહિના વિતી ગયા. હવે એક જ મહિનો બાકી હતો તેથી સીમીનું માતૃત્વ છલકાવા લાગ્યું. સમય વિતતો ગયો. માત્ર પંદર જ દિવસ બાકી રહ્યા ને કોઈ જ મા-બાપે દાવો રજૂ ન કર્યો. સીમીનું માતૃત્વ ધોડાપુર થઈને વહેવા લાગ્યું. અનાથાશ્રમનાં સત્તાવાળાઓ પણ સીમીની માતૃત્વની ઝંખના, આતુરતા અને લાગણીથી પ્રભાવિત થયા હતા અને તેઓ પણ હૈયાધારણા આપતા હતા કે બસ, હવે તો પંદર જ દિવસ બાકી છે અને પછી વિજયા દીકરી તમારી.

વિજયા દીકરીને વધાવવા માટે, તેનું સ્વાગત કરવા માટે સીમીએ પોતાનાં ઘરમાં બધી જ તૈયારીઓ કરી દીધી હતી. તેનો ઉત્સાહ સમાતો ન હતો. દિકરી ઘેર લાવ્યા પછી તેના માટે પોતે શું શું કરશે તેનું વિગતવાર બધુ જ આયોજન કરી રાખ્યું હતું.

માત્ર થોડા જ દિવસો બાકી રહ્યા ને એક દિવસ અનાથાશ્રમ સત્તાવાળાનાં સમાચાર આવ્યા. સમાચાર સાંભળીને સીમીનું હૃદય એક ધડકન ચૂકી ગયું. એ સમાચાર આઘાતજનક હતા. વિજયાનાં સાચા મા-બાપ મળી ગયા હતા અને પોતાની દીકરીને લેવા માટે તેઓ આવવાના હતા.


અત્યાર સુધી સીમીના હૃદયમાં વહેતું હતું એ માતૃત્વનું ધોડાપુર તેમની આંખોમાંથી વહેવા લાગ્યું. તેમનાં સ્વપ્નો વેરવિખેર થઈ ગયા. તેમની આકાંક્ષાઓના ચૂરેચૂરા થઈ ગયા. માતૃત્વ પૂર્ણ કળાએ ખીલે એ પહેલા જ એ માતૃત્વ મૂરઝાઈ ગયું.

સીમીને એ દિકરી સાથે કઈક અલગ જ અનુભૂતિ થઈ હતી અને એટલે જ કદાચ તેમણે એ દિકરી ઉપર માતૃત્વ ઉભરાયું હતું. એ દિકરી પ્રત્યેની સીમીને જે આકાંક્ષાઓ જન્મી હતી એ પૂરી ન થઈ શકી. સીમીને કદાચ એવી લાગણી થઈ હતી કે દિકરી તરીકે જો વિજયા નહીં તો બીજું કોઈ જ નહીં એટલે સીમીએ પોતાના જીવનનો એક કઠીન નિર્ણય લઈ લીધો. એ નિર્ણય એવો હતો કે પોતે પોતાની માતૃત્વની ઝંખનાને હંમેશા માટે ભોંમાં ભંડારી દેશે. પોતે ક્યારેય કોઈ બાળકને દત્તક લઈને માતૃત્વ ધારણ નહિ કરે. ફિલ્મ ઉદ્યોગમાં 'ધ વુમન ઈન વ્હાઈટ' (રી ઉદ્ધ્રહૈ હ ઉરૈ) તરિકે જાણીતી સીમીએ પોતાની માતૃત્વની ઝંખના ઉપર હંમેશ માટે કામળો નાંખી દીધો. સીમીનો વર્ષો પહેલા લીધેલો એ નિર્ણય આજે તેમની બોત્તેર વર્ષની ઉમરે પણ અફર રહ્યો છે.

સંબંધોને લઈને આપણાં સૌના જીવનમાં એવું બનતું હોય છે કે કોઈ વ્યક્તિ સાથે પહેલી મુલાકાત થાય ત્યારે તેના પ્રત્યે એક અલગ જ પ્રકારનો લગાવ થઈ જાય. તેના પ્રત્યે કંઈક વિશેષ લાગણી ઉપજે. તેમની સાથે કાયમી સંબંધો બાંધવાની ઈચ્છા થઈ આવે. આપણું મન સતત તેનો સહવાસ ઝંખે. એ સંબંધોને ક્યારેક કોઈ જ પ્રકારના નામની પણ જરૂર નથી હોતી. સંબંધ એટલે માત્ર સંબંધ. ક્યારેક તો આપણને એ સંબંધ વિષે એવી પણ અનુભૂતિ થતી હોય છે કે એ સંબંધ, એ વ્યક્તિ માટે આપણે અને આપણાં માટે એ વ્યક્તિનું સર્જન થયું છે. આ પ્રકારનો સંબંધ એક દિવ્ય સંબંધ હોય છે જે દિવ્યતા બન્નેના જીવનને પ્રકાશમય કરી શકે છે. અલબત, સીમી ગરેવાલના જીવનમાં બન્યું એમ કેટલાક સંબંધો કમનસીબ સાબિત થતાં હોય છે જે જીવનમાં પ્રકાશને બદલે અંધકાર ફેલાવી જતાં હોય છે.

આ પ્રકારના સંબંધોની અનુભૂતિ વારંવાર નથી થતી. આપણાં આખા જીવન દરમ્યાન એકાદ-બે વ્યકિત સાથે જ આવું બનતું હોય છે. જીવનમાં જ્યારે પણ સંબંધોની આવી અનુભૂતિ થાય, એ પળને ઓળખી લઈએ, એ પળને ઓળખીને પછી એ પળને પકડી લઈએ, પકડ્યા પછી તેને જકડી લઈએ. આવું જો થી શકે તો આપણાં સંબંધોનું જીવન સાર્થક થઈ જાય.

# લોકજીવનમાં ઉત્સાહ લાવવા સરકાર અગ્રતાક્રમ ગોઠવે



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારત વિશ્વનો સૌથી ઉમદા દેશ છે જ્યાં વિવિધતામાં એકતાના પુષ્પો ખીલતા રહે છે અને તે જોઈને અન્ય દેશો પણ સુખદ આશ્ચર્યનો અનુભવ કરે છે. ખુબ સંઘર્ષ, શહીદીઓ અને ઐક્યથી આઝાદી માટે ચળવળ કરી ભારતને એક આઝાદ દેશ બનાવ્યો જેમાં તે સમયના બધા જ લોકોનો હિસ્સો રહ્યો,આ ઘટનાની સાથે સાથે પાકિસ્તાનનો પણ ઉદય થયો અને વિભાજન થતા પ્રજા ખૂબ જ આઘાતમાં અને પરેશાનીમાં મુકાઈ પરંતુ કોઈ એવી સહમતી બની નહીં જેથી અખંડ ભારતના ટુકડા થયાં અને સમય જતા પાકિસ્તાન ઈસ્લામિક ધર્મના પાયા ઉપર આગળ વધ્યું તો બીજી તરફ ભારતની નીતિ ધર્મ નિરપેક્ષતાની રહી સાથોસાથ હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ વગેરે બધી જ કોમ ભારતમાં રહી બંધારણ મુજબ આઝાદીના ફળ મેળવતા પ્રગતિ કરશે તેવા હેતુથી દેશ આગળ વધ્યો ! કુદરતની અવિરત કૃપા ભારતને મળતી રહી છે પરંતુ આપણે લોકશાહીની જતનમાં પ્રતિદિન કાચા પડ્યા હોઈએ તેવો અહેસાસ પ્રત્યેક નાગરિકને થઈ રહ્યો છે. ભારતમાં બધાંનું સન્માન સ્થાન, સમાન અધિકાર, વૈચારિક અને ધર્મ માટે આઝાદી બધું જ ઉપલબ્ધ હોવા છતાં આપણે સંખ્યા જ રહ્યા, સરવાળો થઈ શક્યા નથી એ આઘાતની બાબત છે. આ દેશને હિંદુસ્તાન કહેવાય છે જેમાં રહેતા તમામ લોકો હિન્દુસ્તાનીઓ છે એ નિર્વિવાદ સત્ય છે. ભારતીય મુસ્લિમ વિશ્વના અન્ય તમામ રાષ્ટ્રોની તુલનામાં બહુધા સુખી છે અથવા એ જરા પણ પીડિત નથી, હિંદુઓની પણ વૈચારિક વિશાળતા વધી જ છે કેમ કે બધાનો મુળ મંત્ર હવે વિકાસનો બની ગયો છે. સૌ એ સુખી કરવાના ધ્યેયમાં સૌનો સાથ સરકાર પણ માંગી રહી છે. સમય જતા માણસો, પ્રશાસન, શાસકો, વ્યવસ્થાઓ બધું ખુબ બદલાઈ ગયું છે અને હવે દિવસો એ પ્રકારના આવી ગયા છે કે જીવનમાં માત્ર અસ્તિત્વનો ઉત્સવ મોટો બનાવાયો છે. સ્પર્ધાત્મક તથા ડિજિટલ દુનિયામાં પુષ્કળ તણાવ છે વસતી વધી છે અને ગ્લોબલ કલાયમેટ ચેન્જ આવી ગયું છે!!

ભારતમાં સત્તા ઉપર કોઈ પણ પક્ષ જનાદેશ મુજબ આવી શકે છે અને પક્ષ બદલાય તો નીતિ-રીતિ અગ્રતાક્રમો પણ અવશ્ય બદલાતા હોય છે તેની સામે કોઈ વિરોધ નથી હોતો. છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીય સ્તરે બધા જ ક્ષેત્રમાં પુષ્કળ પરિવર્તનો થયા તેમાં ચલણી નોટ અને ટેક્સ પદ્ધતિનાં બદલાવનો પણ સમાવેશ થાય છે. પ્રજાએ માનનીય વડાપ્રધાન મોદી સાહેબના શબ્દો ઉપર ભારોભાર વિશ્વાસ કર્યો છે, પ્રજાની અપેક્ષાઓ મોદીજીના જીવન સાથે જ જાણે બંધાઈ ચૂકી છે. માટે પ્રવર્તમાન સરકારને જબરડ લોક સમર્થન છે. વાત હવે જ શરૂ થાય છે, જેમાં પ્રજાને આર્થિક વિકાસનો પ્રત્યક્ષ અહેસાસ થતો નથી તેમાં બધા જ ક્ષેત્રોનો અજંપો પ્રતિદિન વધતો જાય છે! ઈલેકશન મેનિફેસ્ટોના એજન્ડાઓ ને પૂર્ણ કરવાની ધગશ માટે માન છે. પરંતુ ભારતના લોકોની અગ્રતા કયા કયા મુદ્દાઓમાં વધુ છે તે વિશે વિચારવાનું કામ વિલંબમાં પડ્યું હોય તેવી હાલત છે. બેકારીનો દર ઉચ્ચત્તમ સપાટી એ છે જે મોંઘવારી વધી રહી છે. જાહેર ક્ષેત્રના એકમો નૂરહીન થતા જાય છે, કૃષિ કંગાળ બની રહી છે, શિક્ષણમાં મોટો સડો અને લૂંટ શરૂ થઈ ગયા છે, ડીજીપી સતત નીચે જાય છે, નિકાસો વધતી નથી, મધ્યમ-નાના ઉત્પાદકીય એકમો બંધ થઈ રહ્યા છે. બજારની અંદર રોનક નથી કેમ કે માંગ ઘટી રહી છે. બીજી તરફ બેંકો નવા ધિરાણોથી દૂર જ રહી છે. જોખમ ખર્ચ વધવાનો ભય બેંકોને વિનાશ બાજુ લઈ જાય છે. ટૂંકમાં અર્થતંત્ર આકાશમાં ઉડતા પ્લેન જેમ બેકામુ થઈ ગમે ત્યાં ક્રેશ થઈ જાય તેવી જ હાલતમાં તો આગળ જઈ રહ્યું છે. નિષ્ણાંતો પોતાના મંતવ્યો રજૂ કરે છે. તો તેની ઉપર કોઈ વિચારણા કે કાર્યવાહી થતી હોય તેવું જણાતું નથી. આ દેશમાં આર્થિક પ્રશ્નો ઉપર લક્ષ્ય આપવાની પ્રથમ અગ્રતા હોવી જરૂરી છે ત્યાં સરકાર શાંત રહે છે! બધી જ સમસ્યાઓમાં પક્ષ-વિપક્ષની વાત કરવાથી કંઈ જ સારું પ્રાપ્ત થાય તેવું લાગતું નથી. બધાની વાત સાંભળવાની તૈયારી શાસકે રાખવી જ પડે તો શુભ કંઈક થઈ શકે પરંતુ રાજકીય વાતાવરણમાં સમસ્યાઓને નાંખી દેવાની પ્રજામાં અશાંતિ અને મનોભંગનો દૌર શરૂ થઈ જતો હોય છે.

સરકારને હવે આર્થિક મોરચે અગ્રતા દાખવવાની જરૂરત છે. વૈશ્વિક નામાંક્તિ સંસ્થાઓ પણ આપણા દેશનું રેટીંગ નીચું દર્શાવી રહરી છે,તો રિઝર્વ બેંકના ગર્વનર પણ કહી રહ્યા છે કે બેંકો સજાગ રહે કેમ કે આર્થિક સંકટ હજી ચાલુ રહેવાની ધારણા છે. જીએસટીનું કલેકશન ઘટી ગયું છે અને તેના લીધે રાજયોને મળવાપાત્ર હિસ્સો ઉપલબ્ધ થઈ શકતો નથી તો આ મુદ્દે ચિંતન કરવાની આવશ્યકતા છે. ગૃહ આંગણે સેવાકીય અને ઉત્પાદકીય એકમો જો પોતાનું સ્થાન ગુમાવશે તો સ્થિતિ નાજુક થઈ જવાની આશંકા છે. માંગ ઊભી કરવાના પ્રયાસોમાં સરકારની ભૂમિકા અતિ મહત્ત્વની કહી શકાય. કૃષિક્ષેત્ર હવે પ્રતિવર્ષ સમસ્યાથી ભરચક રહેશે માટે ત્યાં નવો વિભાગ અને બજેટ ફાળવવા પડશે જેનાથી ટૂંકાગાળાના ઉત્તરો શોધવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. ભ્રષ્ટાચાર હજી મર્યો નથી પણ વધુ બલવાન થતો જાય છે. ડિજિટલ ઈન્ડિયાને સાઈબર ક્રાઈમ્સનો ડર છે તો સ્કીલ્ડ ઈન્ડિયાની અપેક્ષિત સફળતા મળતી નથી ! બેંકોની હાલત કોમામાં સુતેલા દર્દી જેવી થઈ ગઈ છે. કર્મચારી વર્ગ પુષ્કળ હતાશ નિરાશ અને ઉદાસીન થયો છે. ગુજરાતની જો વાત કરીએ તો હાલમાં કેગના અહેવાલ ઉપરથી જાણ થઈ કે નાણા બેફામ વેડફાઈ રહ્યા હોવા છતાં ફળ મળતા નથી. કૌભાંડીઓ મોજ કરતા રહેશે તો પ્રજા અંતે વિદ્રોહી બની જશે. ભય ભુખ અને ભ્રષ્ટાચારથી મુક્ત કરવાની વાતો થઈ તો બીજી તરફ પરિણામો દેખાતા નથી. જે કામો થઈ રહ્યા છે તેમાં 'સબકા સાથ' ની કમી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. બધા જ ભારતીયોના સુખમાં જ રાષ્ટ્રની શાન છે તો બધાની વાતને સાંભળવી પડશે એ સિદ્ધાંત યાદ રાખવો હિતાવહ છે. લોકોએ બહુમતી આપી માટે પરિણામોની આશા સેવે તેમાં કંઈ વધુ કે નવું નથી, ઝડપથી આર્થિક મોરચે કામ થાય તેવી અપેક્ષા છે. બધા રાજી તો ભારત પણ રાજી અને લોકશાહી સફળ !!

**શેર આસ્વાદ :**
લિખના હૈ મુઝે ભી કુછ ગહરા સા
જિસે કોઈ ભી પઢે સમજ બસ તુમ સકો